# ટ્રાફીક ઝુંબેશમાં પોલીસ કાયદો હાથમાં લેવા માંડી..!

## હેલ્મેટ વગર ઘ-૦ થી નીકળેલો બાઈક ચાલક ઊભો ન રહેતા કોન્સ્ટેબલે ડંડો ફટકાર્યો

ગાંધીનગર, તા. ૭

જિલ્લાભરમાં ટ્રાફીકના નિયમોનું પાલન થાય અને નિયમન જળવાઈ રહે તે હેતુસર ટ્રાફીક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. વાહનચાલકોના જીવ બચાવે તેવી તથા ટ્રાફીક સમસ્યાઓથી પ્રજાને છુટકારો મળે તેવી ખુબ જ બિરદાવવાલાયક આ કામગીરી જિલ્લામાં જોરશોરથી ચાલી રહી છે ત્યારે કેટલીક પોલીસ જવાનો દ્વારા ડીસીપ્લીન ફોર્સની છાપને નેવે મુકીને કાયદો હાથમાં લેવામાં આવી રહ્યો છે. આજે સાંજે ઘ-૦ સર્કલ પાસેથી વાદળી રંગના એવેન્જર બાઈક પર હેલ્મેટ પહેર્યા વગર નિકળેલા યુવાનને ઉભો રાખવા પોલીસ કોન્સ્ટેબલે ઈશારો કર્યો હતો પરંતુ તે ઉભો ન રહેતા યુવાન જાણે અછોડો તોડીને ભાગ્યો હોય તેમ તેને પકડવા માટે હાથમાં પકડેલો ડંડો પાઠળ પીઠ પર ફટકારી દીધો હતો. કાયદો હાથમાં લેનાર કોન્સ્ટેબલનો ડંડો યુવાનને પીઠે બેગ ભરાયેલી હોવાથી કદાચ વધુ વાગ્યો નહિ હોય પરંતુ આ પ્રકારે જો ઝુંબેશમાં પોલીસ હરકતો કરવા લાગશે તો ટ્રાફીક ઝુંબેશ જેવી સારી કામગીરીને પણ નાગરીકો અવગણના કરવા લાગશે તેમાં બે મત નથી..!

# લગ્નની લાલચમાં ફસાઈને ઘર છોડી દેતી યુવતીઓ માટે ડોકયુમેન્ટરી

## કલોલ, ચિલોડા અને દહેગામ-ડભોડા વિસ્તારમાં વધી રહેલા કિસ્સાઓને ધ્યાને લઈ પોલીસે નાટકના સ્વરૂપે વિડીયો બનાવી વહેતો કર્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર જિલ્લાના કલોલ પાસેના ગ્રામ્ય વિસ્તારો તથા ચિલોડા, દહેગામ-ડભોડા સહિતના કેટલાક વિસ્તારોમાં છેલ્લા એકાદ વર્ષમાં કિશોરીઓ અને યુવતીઓ ઘરેથી નીકળી જઈ ભાગી જવાના કિસ્સાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. યુવકો દ્વારા અપાતી લગ્નની લાલચમાં ફસાઈ જઈને ઘર છોડીને ચાલી જતી યુવતીઓ માટે પોલીસ દ્વારા ખાસ વિડીયો ડોકયુમેન્ટરી ફિલ્મ બનાવવામાં આવી છે. નાટક સ્વરૂપે તૈયાર થયેલી ડોકયુમેન્ટરી વોટસએપ ફેસબુક સહિતની સોશ્યલ સાઈટસ પર વહેતી કરી યુવતીઓમાં જાગૃતતા લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

સુરક્ષા સેતુ પ્રોજેકટના કો-ઓર્ડીનેટર પી.સી. વાલેરાના જણાવ્યા મુજબ મહિલા સુરક્ષાને ધ્યાને લઈને નાટક સ્વરૂપે ડોકયુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે. જિલ્લાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કિશોરીઓ અને યુવતીઓ દ્વારા ઘર છોડીને ચાલ્યા જવાના વધેલા કિસ્સાઓને પગલે જાગૃતિ કેળવવા આ ડોકયુમેન્ટરી તૈયાર કરવામાં આવી છે. શાળા કોલેજોમાં જતી કિશોરીઓ-યુવતીઓ તથા બસમાં અપડાઉન કરતી વિદ્યાર્થીનીઓને ઈમ્પ્રેસ કરીને અમુક તત્વો દ્વારા ફ્રેન્ડશીપના બહાને વિવિધ ગીફટ આપી લાલચમાં ફસાવી દેવામાં આવે છે અને અંતે લગ્નની લાલચ આપીને પોતાની મેલી મુરાદ પુરી કરી લેતા હોય છે. જેમાં કેટલીય અપરિપકવ વિદ્યાર્થીનીઓ ફસાઈને ઘર તથા પરિવારને ત્યજી દઈ ચાલી નીકળવા તૈયાર થઈ જતી હોય છે. આ વિડીયો ડોકયુમેન્ટરી માં પણ આવા તત્વોનો શિકાર બનેલી કેટલીક વિદ્યાર્થીનીઓની કહાની નાટય રૂપાંતર કરીને દર્શાવવામાં આવી છે. આ વિડીયો કલીપને શાળા-કોલેજોમાં તથા અન્ય જાહેર કાર્યક્રમોમાં બતાડવામાં આવી રહી છે તે ઉપરાંત સોશ્યલ મિડીયા પર પણ આ કલીપ ફરતી કરી દેવામાં આવી છે.

# ઠંડીમાં થરથરતા જરૂરિયાતમંદોને હૂંફ આપવા હાંકલ કરવામાં આવી

## શહેર વસાહત મંડળે વીસ વર્ષમાં ૧,૪૫,૦૦૦ જરૂરિયાતમંદોને ગરમ વસ્ત્રોનું દાન કર્યું

ગાંધીનગર, તા. ૭

શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. શહેરમાં વસતા શ્રમજીવીઓની હાલત કફોડી થઈ જાય છે. થરથર મજૂરો અને બાળકોને શહેર વસાહત મંડળ ગરમ વસ્ત્રોનું વિતરણ કરી હૂંફ આપશે.

નગરમાં વીસ વર્ષથી એકધારી નિઃસ્વાર્થ સેવા ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા કરવામાં આવે છે. શિયાળાની ઋતુમાં નગરમાં વસતા શ્રમજીવીઓ, મજૂરોની વ્હારે આવવાનું કાર્ય પણ મંડળ કરતી આવી છે. ત્યારે સમગ્ર શિયાળા દરમિયાન વિવિધ વિસ્તારમાં ફરી ગરીબ, શ્રમજીવીઓ, મજૂરોને ધાબળા, સ્વેટર, પટ્ટા, ગરમ ટોપીનું વિતરણ કરશે.

મંડળે શિયાળાની ઋતુમાં શ્રમજીવીઓની વ્હારે આવવાનું બીજ વર્ષ ૧૯૯૪ માં રોપ્યા હતા. આજ દિન સુધી મંડળે ૧,૪૫,૦૦૦ જરૂરિયાતમંદ વ્યક્તિઓને ગરમ વસ્ત્રોનું દાન કર્યું છે. ત્યારે ચાલુ વર્ષે આ ભગીરથ કાર્યમાં હાથ બટાવવા નગરના દાનવીરોને આર્થિક સહયોગ આપવા અપિલ કરવામાં આવી છે. સહયોગ આપવા ઈચ્છુક દાતાઓએ અરૂણભાઈ બૂચ-૯૮૨૫૦૧૮૧૩૪, કશ્યપ મહેતા - ૨૩૨-૩૬૩૩૦, નિલેન્દુ વોરા - ૯૪૨૭૮૦૧૪૦૩, મયુરભાઈ વ્યાસ - ૨૩૨-૨૫૩૮૦, બી.એ. શુકલ - ૨૩૨-૨૬૨૭૫, ગજેન્દ્ર ખારોડ - ૩૨૦૬૦૦૬૪, સી.પી. સોની - ૨૩૨-૨૧૮૩૫, સુધીરભાઈ દેસાઈ - ૨૩૨-૨૫૨૯૭, કે.પી. પરમાર - ૯૯૨૫૭૮૯૪૦૬, નિસર્ગ બૂચ - ૭૮૭૪૪૦૭૩૫૬ અને કિશોરભાઈ જીકાદરા - ૯૮૭૯૪૭૫૧૩૦ પર સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.



### ચિલોડામાં પશુધન માટે જાતિય આરોગ્ય નિદાન-સારવાર કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે પશુધન માટે જાતિય આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૫૦ થી વધુ ગાય-ભેંસ અને બળદ જેવા પશુઓની તપાસ કરવામાં આવી હતી અને તેમને જરુરિયાત મુજબની સારવાર તેમજ દવાઓ નિઃશુલ્ક આપવામાં આવી હતી. ચિલોડા અને તેની આસપાસના ગામોના પશુધન માલિકો આ કેમ્પમાં તેમના પશુઓ સાથે હાજર રહ્યા હતાં. આ કેમ્પમાં પશુઓની વ્યંધ્યત્વ સહિતની અનેક બિમારીઓની તપાસ કરવામાં આવી હતી અને નિદાન મુજબ જરુરિયાત પ્રમાણે કૃત્રિમ બીજદાન કે કૃમિનાશક દવાઓ વગેરેની સારવાર નિઃશુલ્ક આપવામાં આવી હતી. આ કેમ્પમાં જુથ મથક પાલજના ડૉ. વી.આર. સોલંકી, ચિલોડા ઉપકેન્દ્રના પશુધન નિરીક્ષક આર.એમ. બારોટ અને મોટી શિહોલી ઉપકેન્દ્રના પશુધન નિરીક્ષક સી.એમ. મકવાણાએ તેમની સેવાઓ આપી હતી. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# કરાઈ પોલીસ એકેડેમી ખાતે ૮૭ ગોવા પોલીસ સબ ઈન્સ્પેકટરોનો દીક્ષાંત પરેડ સમારોહ યોજાયો

## કર્તવ્યપરાયણતા, રાષ્ટ્રભક્તિ, જનસેવાથી ફરજ દીપાવીએ : પી. સી. ઠાકુર

ગાંધીનગર, તા. ૭

ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે ગોવા રાજયના તાલીમ



પામેલા પોલીસ સબ ઈન્સ્પેકટરોનો દીક્ષાંત પરેડ સમારોહ ગુજરાત રાજયના પોલીસ મહાનિદેશક શ્રી પી. સી. ઠાકુરની અધ્યક્ષતામાં આજરોજ યોજાયો હતો. સફળતાથી તાલીમ પૂર્ણ કરનાર દીક્ષાર્થી પોલીસ જવાનોને સંબોધતા શ્રી પી. સી. ઠાકુરે જણાવ્યું હતું કે, કર્તવ્યપરાયણતા, રાષ્ટ્રભકિત, જનસેવાથી ફરજ બજાવીને કામગીરીને દીપાવવાની આ એક તક તમને મળી છે.




ભારતીય સંસ્કૃતિ વિવિધતામાં એકતાની શીખ આપે છે. ગોવાનો ઈતિહાસ દેશના ઈતિહાસ સાથે જોડાયેલો છે. ગોવાની સંસ્કૃતિ ગીત- સંગીત - કલા સાથે જોડાયેલી નિરાળી છે. તમે બધા દેશની તથા ગોવાની સંસ્કૃતિ, સાંસ્કૃતિક વારસાના -તિનિધિ છો. સત્યમેવ જયતેના માર્ગે ચાલીને પૂર્ણ કર્તવ્યનિષ્ઠા સાથે ફરજ બજાવીને રાષ્ટ્રની સેવા કરવાની છે. આપણા દેશ સામે આતંકવાદ, અલગાવવાદ, નક્સલવાદ જેવા પડકારો છે, ત્યારે એક અને અખંડ ભારત માટે આપણે સાથે મળીને પડકારોનો પૂરી તાકાતથી સામનો કરવાનો છે.

અધિક પોલીસ મહાનિદેશક અને પોલીસ અકાદમીના સંયુક્ત નિયામક શ્રી ટી. એસ. બિસ્ટે તાલીમ અહેવાલ રજુ કરી -ાસંગિક -વચનમાં જણાવ્યું હતું કે, આ તાલીમથી ગુજરાત અને ગોવા પોલીસના સબંધો વધુ મજબૂત બનશે. તાલીમ દરમ્યાન જવાનોને શારીરિક, માનસિક અને ફરજને અનુલક્ષીને તમામ પાસાં આવરી લઈ કઠિન તાલીમથી તૈયાર કરવામાં આવે છે. વૈજ્ઞાનિક ટેકનિકો, આધુનિક હથીયારો , માનવમુલ્યોની સાથે સંવેદનશીલ અભિગમ વગેરેથી પણ તાલીમાર્થીઓને સજ્જ કરવામાં આવે છે. પોલીસ સેવા એ એક મહત્વપૂર્ણ સામાજિક સેવા છે. કોઈ જ ભેદભાવ વિના યુનિફોર્મને ધર્મ માનીને કર્તવ્યપરાયણતાથી ફરજ બજાવશો તો એ મોટી જનસેવા બની રહેશે.

પોલીસ અકાદમીના સંયુક્ત નિયામક શ્રી અતુલ કરવાલે દિક્ષાર્થીઓને પરેડ શપથ ગ્રહણ કરાવ્યા હતા. આ -સંગે ગોવાના ડી. આઈ. જી. શ્રી વ્યાસ પણ વિશેષ ઉપસ્થિત રહ્ના હતા.

ગુજરાત પોલીસ મહાનિદેશક શ્રી પી. સી. ઠાકુર અને અન્ય મહાનુભાવોના હસ્તે તાલીમ દરમ્યાનની વિવિધ -વૃત્તિઓમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર પોલીસકર્મીઓને વિજેતા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી. મહાનુભાવોએ પરેડ અને માર્ચ પાસ્ટનું નિરીક્ષણ કર્યુ હતું.

ગોવાના ૮૩ પોલીસ સબ ઈન્સ્પેકટરો તથા ૪ મહિલા પોલીસ સબ ઈન્સ્પેકટરો મળી કુલ-૮૭ પોલીસકર્મીઓએ નવેમ્બર-૨૦૧૩ થી કરાઈ ખાતે ૧૨ મહિના તાલીમ લઈ તાલીમ સંપન્ન કરી હતી. બહુ મોટી સંખ્યામાં તાલીમાર્થીઓના પરિવારજનો અને પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્ના હતા.

# સે-૨૪માં સી.સી. રોડ બનાવવાનું કામ અટવાયું

## વર્ક ઓર્ડર અપાયા બાદ પણ એજન્સીએ કામ શરૂ કર્યું નથી

ગાંધીનગર, તા.૭

સે-૨૪માં સી.સી. રોડના કામ સંદર્ભે ટેન્ડર પ્રક્રીયા આખરી થયા બાદ વર્ક ઓર્ડરના અંતે પણ હજુ સુધી કામ હાથ ધરવામાં આવ્યું નથી. દાયકાઓ બાદ સેકટરમાં નવા રસ્તા બનાવવા તંત્ર હરકતમાં આવતા સ્થાનિક રહીશોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. પરંતુ છેલ્લા એક મહીનાથી સી.સી. રોડનો પ્રોજેકટ ટલ્લે ચઢયો છે.

સેકટર-૨૪માં પાણી, ગટર અને રસ્તાને લગતી પાયાની સુવિધાઓના મામલે સ્થાનિક રહીશોને સતત અન્યાય થતો હોવાની લાગણી પ્રબળ બની છે. બીજી તરફ સે-૨૪માં દાયકાઓના અંતે સ્ટ્રીટલાઈટનું કામ હાથ ધરાતા સેકટરની શેરીઓમાં અજવાળું પથરાયું છે. સેકટરમાં ત્રણ દાયકાથી વધુ સમયના અંતે સ્ટ્રીટલાઈટના નવા પોલ્સ ફીટ કરવામાં આવ્યા છે. જયારે ગટરો ઉભરાવવાની સમસ્યાને ડામવા પણ લાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ ઉપરાંત સે-૨૪ના આંતરિક વિસ્તારમાં સી.સી. રોડનું કામ હાથ ધરવા ટેન્ડરને પણ મંજુરી આપી દેવાઈ છે. અંદાજિત રૂ. ૩ કરોડના ખર્ચે સી.સી. રોડ બનાવવા એજન્સીને કામ સોંપી દેવાયું છે. સી.સી. રોડ બનાવવાનું કામ દિવાળી પૂર્વે શરુ કરવામાં આવનાર હતું પરંતુ દિવાળીના અંતે પણ હજુ નવા રસ્તા બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી નથી. સી.સી. રોડનું કામ મંજુર થયા બાદ પણ લાંબા સમયથી સ્થળ પર રસ્તા બનાવવાની કામગીરી શરુ થઈ નથી.

# ગુજરાત માહિતી આયોગની કચેરીનું નવીન સરનામું

ગાંધીનગર ખાતે આવેલી ગુજરાત માહિતી આયોગની કચેરી તા. ૧૦-૧૧-૨૦૧૪થી સ્થળાંતર થતાં નવું સરનામું ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, બ્લોક નં.૧, ૨જો માળ, સેકટર-૧૦-એ, ગાંધીનગર રહેશે.

હાલમાં માહિતી આયોગની કચેરી અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો ભવન, પહેલો માળ, સેકટર-૧૮, ગાંધીનગર ખાતે કાર્યરત છે તેમ ગુજરાત માહિતી આયોગ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે.

# કાયદો - વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા અંગે જાહેરનામું

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર ગુજરાતના પાટનગરનું શહેર છે. ગાંધીનગર શહેરી વિસ્તારમાં વિધાનસભા, સચિવાલય, રાજભવન, મંત્રીશ્રીઓના નિવાસસ્થાનો, ખાતાઓના વડાઓની કચેરીઓ, ઉધોગ ભવન, બહુમાળી ભવન, એમ.એલ.એ. કવાટર્સ, શાળા-કોલેજો જેવી સરકારી ઈમારતો આવેલી છે. અવાર-નવાર ગાંધીનગર ખાતે વિવિધ મંડળો તેમની માંગણી અર્થે રજુઆતો કરવા અને આવેદનપત્ર આપવા સારૂ -તિનિધિ મંડળ દ્વારા રેલી સરઘસ સ્વરૂપે ગાંધીનગરમાં આવતાં જતાં હોઈ અને ધ-૩ ખાતે વિવિધ મંડળો તથા વ્યકિતઓ દ્વારા -તિક ઉપવાસના કાર્યક્રમો ચાલુ હોઈ, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા વ્યવસ્થા જાળવવાના હેતુ માટે તેમજ જાહેર સુલેહ- શાંતિ જાળવવાના હેતુથી ગાંધીનગર ટાઉનશીપ અને ગાંધીનગર જિલ્લાના સમગ્ર મહેસુલી વિસ્તારમાં તા. ૧/૧૧/ ૨૦૧૪- તા. ૧૫/૧૧/૨૦૧૪ સુધીની મુદત માટે હથિયાર, તલવાર, ધોકા, બંદુક, છરા, સળગતી મશાલ કે અન્ય બીજા હથિયાર કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું, કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું, પત્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના ઉકેલવાના યંત્રો સાથે લઈ જવા તથા તૈયાર કરવાનું, મનુષ્યોની આકૃતિઓ અથવા પુતળા દેખાડવાનું, અપમાનીત કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર બીભત્સ સુત્રો પોકારવાનું, અસ્લીલ ગીતો ગાવાનું અથવા ટોળામાં ફરવાનું , છટાદારા ભાષણ આપવાની, ચાળા પાળવાની અથવા નકલ કરવાની તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિ-ાય -માણે સુરૂચિ અથવા નીતિનો મંગ થતો અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની કે ચાળા વગેરે કરવાની અને ચિત્રો, નિશાનીઓ તૈયાર કરવાની દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની કે માનહાનિ થાય તેવા કૃત્યો કરવા પર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧)થી મળેલ સત્તાની રૂઈએ મનાઈ ફરમાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લઘંન કરનાર વ્યકિત કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૫૦
સૂર્યાસ્ત : ૫.૫૭

## તાપમાન

મહત્તમ : ૩૩.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૯.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૪૪ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્કીન-૧ :

હેપ્પી ન્યુ ઈયર : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

: સ્કીન-૨ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
સુપર નાની : ૧૨.૪૫, ૩.૩૦, ૧૦.૦૦
રોર : ૧૦.૦૦

: સ્કીન-૩ :

ફુરી (અંગ્રેજી) : ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦
હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦

: સ્કીન-૪ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦
રોર : ૧.૩૦, ૧૦.૦૦
હૈદર : ૪.૦૦
કરંટ તીગા (તેલુગુ) : ૭.૦૦

: સ્કીન-૫ :

સુપર નાની : ૧૨.૪૫, ૬.૪૫ ● રોર : ૩.૪૫
હેપ્પી ન્યુ ઈયર : ૧૦.૦૦

: સ્કીન-૬ :

હેપ્પી ન્યુ ઈયર : ૧૨.૩૦ ● રોર : ૧૦.૦૦
સુપર નાની : ૬.૩૦
હૈદર : ૪.૦૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્કીન-૧ :

ધ શૌકિન્સ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

સ્કીન-૨ :

રંગરસીયા : ૧૦.૧૫, ૧.૧૪, ૪.૧૫. ૭.૧૫, ૧૦.૧૫
રોર : ૧.૩૦, ૭.૩૦

સ્કીન-૩ :

હેપ્પી ન્યુઈયર : ૧૧.૦૦, ૨.૩૦, ૬.૦૦, ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.

**વૃષભ** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**કર્ક** : નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્‌ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**વૃશ્ચિક** : કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : વિશેષ લેવડ- દેવડથી બચવું. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર અંબાલાલ નાથાજી (ઉ.વ.૫૭) મુ. ચીલોડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. ઠાકોર લક્ષ્મીબેન ચતુરજી (ઉ.વ.૭૦) મુ. માણેકપુરા, તા. માણસા, જી. ગાંધીનગર